ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૫/૧૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજય

વિષય :– નોંધાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સ્થળ ફેરફાર માટે દરખાસ્ત ફીમાં સુધારો કરવા બાબત.
સંદર્ભ :– બોર્ડની તા.૬/૫/૧૦ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૧૮/૨૦૧૦ અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મકાન સ્થળ ફેરફાર માટે દરખાસ્ત ફી રૂા.૨૫૦૦૦/– (પચ્ચીસ હજાર) હાલ અમલમાં છે.

પરંતુ જે શાળા ભાડાનાં મકાનમાં ચાલતી હોય તે શાળા સ્થળ ફેરફાર કરી મંડળના પોતાના મકાનમાં જતી હોય તેવા કેસમાં દરખાસ્ત ફીમાં રાહત આપવા થતી રજુઆતોને ધ્યાનમાં લઈ બોર્ડની કારોબારી સમિતિએ પુખ્ત વિચારણાને અંતે નિર્ણય કરવાનું ઠરાવ્યુ કે શાળા મંડળ પોતાનું મકાન તૈયાર કરી, ભાડાના મકાનમાંથી મંડળના પોતાના મકાનમાં સ્થળ ફેરફાર કરે તો આવી દરખાસ્તો માટે દરખાસ્ત ફી રૂા.૨૫૦૦૦/– ને બદલે રૂા.૧૦૦૦/– વસુલ કરવી. અન્ય પ્રકારના સ્થળ ફેરફાર માટે હાલની નીતિ મુજબ દરખાસ્ત ફી વસુલ કરવાનું ઠરાવેલ છે.

ઉપર દર્શાવ્યા મુજબના નિર્ણયની જાણ તમામ શાળાઓને આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :–

૧. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
૨. કમિશ્નરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી, બ્લોક નં.૯, જુના સચિવાલય, ગાંધીનગર
૩. નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના :–
૧. બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ સારુ.
૨. કચેરીના તમામ વર્ગ–૧ અને વર્ગ–૨ના તમામ અધિકારીશ્રીઓ તરફ
૩. સંશોધન શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર– તરફ જાણ સારુ તેમજ બોર્ડના મુખપત્રમાં પ્રસિદ્ધ કરવા સારુ.